(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા શહેરમાં સરદારબાગથી ફુવારા સુધીના માર્ગ વચ્ચે પૂર્વ નગરપાલિકા પ્રમુખ વિપુલભાઈ શાહના સમયમાં ડીવાઈડર બનાવવામાં આવેલ હતા. જેમાં ચાલુ વરસાદ દરમ્યાન વર્તમાન પાલીકા દ્વારા વૃક્ષા રોપણનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં નગરપાલિકાના કર્મચારીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. તેમજ ફુંવારા સુધી વૃક્ષો વાવ્યા હતા.

હિંમતનગરના ફાઈનાન્સરની હત્યા આરોપી સાજીદ ભટ્ટે બારાબોર બંદુકથી કરી હતી

હત્યા પોતાની ફેક્ટરીમાં નહિ, પરંતુ સામેની સહેલી મિનરલ પાર્કમાં કરી હોવાના પુરાવા મળ્યા : પોલીસે હત્યામાં વપરાયેલ બારાબોર અને કારતૂસ કબજે લીધા

હિંમતનગર, તા. ૩૦

હિંમતનગર પાસેના વક્તાપુર ફાટક પાસે આવેલ એક ફેક્ટરીમાં ઈડર તાલુકાના વાડોલ ગામના ફાઈનાન્સરની હત્યા થતાં સમગ્ર જિલ્લામાં ચકચાર મચી જવા પામી હતી. ફાઈનાન્સરની હત્યાનો ભેદ ઉકેલવા માટે પોલીસે પણ કમર કસી ગણત્રીના કલાકોમાં હત્યાનો ભેદ ઉકેલી આરોપી સાજીદ ભટ્ટને ઝડપી લઈ તેની પાસેથી હત્યામાં વપરાયેલ બારાબોર સહિતના પુરાવા પ્રાપ્ત કરવામાં સફળતા મળી છે.

બનાવની વિગત અનુસાર અઠવાડીયા અગાઉ હિંમતનગરમાં રહી ફાઈનાન્સનો વ્યવસાય કરતા યુવાન ધર્મેન્દ્રભાઈ પટેલ વક્તાપુર પાસે આવેલ એક ફેક્ટરીમાં ઘિરેલા નાણાંની ઉઘરાણી ગયા હતા અને ત્યાર બાદ રહસ્યમય સંજોગોમાં ગુમ થતાં પરિવારજનોએ શોધખોળ હાથ ધરી હતી. છતાં તેમનો કોઈ જ પત્તો ન મળતાં હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસે તપાસ હાથ ધરી જેની પાસે



(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

ફાઈનાન્સર ધર્મેન્દ્રભાઈ પટેલ ઉઘરાણી ગયા હતા તે ફેક્ટરી માલિક સાજીદ ભટ્ટની પુછપરછ હાથ ધરી હતી. તપાસમાં હત્યા પાછળ સાજીદનો જ હાથ હોવાના પ્રાથમિક પુરાવા મળતાં પોલીસે ઊંડી તપાસ હાથ ધરી આરોપી સાજીદ ભટ્ટની પુછતાછ કરતાં તેણે ફાઈનાન્સરની હત્યા કરી લાશને કબ્રસ્તાનમાં દફનાવી હોવાની કબૂલાત કરતાં પોલીસે લાશનો કબજો મેળવી તપાસ હાથ ધરતાં સાજીદ ભટ્ટે ફાઈનાન્સની હત્યા તેની સામે આવેલ સહેલી મિનરલ વોટર પાર્કમાં બોલાવી પોતાની બારાબોરથી કરી હતી પ્રથમ બારાબોરથી ફાયર કરતાં કારતૂસ ફાઈનાન્સરના ગળાના ભાગે વાગ્યો હતો ત્યારબાદ સાજીદે બારાબોરથી ફાઈનાન્સના માથામાં, છાતીમાં અને પાછળ, પીઠ ઉપર ફટકા મારી મોત નીપજાવ્યું હોવાની કબૂલાત કરી હતી. એલ.સી.બી. પી.આઈ. ચુડાસમા અને એસ.ઓ.જી. પી.આઈ. દેસાઈ હત્યાની તપાસ ચલાવી રહ્યા છે. પોલીસે આરોપી સાજીદ પાસેથી બારાબોર બંદૂક તેમજ તેણે વિજાપુર ખાતે નાખી દીધેલ ફૂટેલો કારતૂસ તેમજ ફાઈનાન્સરની હત્યા કર્યા પછી ફાઈનાન્સરની કાર વિજાપુર ખાતે મુકી કારની ચાવી ગટરમાં નાખી હતી તે આરોપીને સાથે રાખી કબજે લીધી છે. તે ઉપરાંત આરોપીના લોહીવાળા કપડાં તેમજ જે જગ્યાએ ફાઈનાન્સરની હત્યા કરવામાં આવી હતી ત્યાંથી લોહીના નમૂના અને અન્ય પુરાવા પણ પોલીસને હાથ લાગ્યા છે. હત્યામાં અન્ય આરોપીઓની સંડોવણી છે કે કેમ ? તે અંગે પણ પોલીસ તપાસ કરી રહી છે.

ખેડબ્રહ્મા શહેરમાં રખડતા ઢોરોનો ત્રાસ : પ્રજામાં રોષ

ખેડબ્રહ્મા, તા. ૩૦

ખેડબ્રહ્મા શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં આવેલા જાહેર માર્ગો અને ખેતરો સહિતની જગ્યાએ રખડતા ઢોરોનો ત્રાસ વધવા પામ્યો છે. રખડતા ઢોરો પશુઓ જાહેર માર્ગો પર કબજો જમાવી બેસી રહે છે અને ગર્દકી ફેલાવે છે. આથી નાગરિકો અને વાહનચાલકોને ભારે મુશ્કેલી વેઠવી પડે છે તો ક્યારે અકસ્માત પણ પશુઓના લીધે થવા પામે છે. પરિણામે લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ખેડબ્રહ્મા શહેર અને ગ્રામ્ય વિસ્તારોને જોડતા મુખ્ય જાહેર માર્ગો પર છેલ્લા ઘણા સમયથી રખડતા ઢોરો પશુઓનો ત્રાસ વધવા લાગ્યો છે. જાહેરમાર્ગો પર પશુઓ ટોળામાં એકઠા થઈ બેસી રહે છે અને બેઠા બેઠા ગંદકી પણ ફેલાવે છે. જ્યારે અનેક વખત અવર-જવર કરતા નાગરિકોને અડફેટે લઈ નુકશાન પહોંચાડે છે. રોજ ૫૦ થી ૬૦ ગાયોનું ઝુંડ માર્ગ પર કબજો જમાવી બેસી રહે છે. આથી હાઈવે પર ભારે ટ્રાફિક જામના દૃશ્યો સર્જાય છે. અને કલાકો સુધી વાહનચાલકોએ વાહનો લઈ ટ્રાફિકમાં ઉભુ રહેવાનો વારો આવે છે. ક્યારે વાહન ચાલકોના માર્ગમાં આ પશુઓ આવી જતા ગંભીર અકસ્માત સર્જાય છે. જેને લઈ શહેરીજનોએ અનેક ફરિયાદો તંત્ર સમક્ષ કરવા છતાં કોઈ પરિણામ આવ્યું નથી. જેથી લોકોમાં રોષ જોવા મળ્યો છે. અને આ રખડતા ઢોરોની સમસ્યાનો ઉકેલ લાવે તેવી માંગણી કરી રહ્યા છે.

(તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

પાલનપુર નગરપાલિકાના નવિન પ્રમુખ હસમુખભાઈ પઢિયારની અધ્યક્ષતામાં પ્રથમ બોર્ડ બેઠક મળી હતી. જેમાં શહેરના જાહેર આંતરિક માર્ગો નવા બનાવાના તેમજ અન્ય વિકાસના કામો મંજુર કરવામાં આવ્યા હતા. આ બેઠકમાં ભાજપ તેમજ કોંગ્રેસના નગર સેવકો ઉપસ્થિત રહ્યા હતા.

ઊંઝા શહેરમાં ફરીથી તસ્કરો સક્રિય

ઊંઝા, તા. ૩૦

ઊંઝા વિસ્તારમાં થોડા સમયના વિરામ બાદ તસ્કરો પુનઃ માથુ ઉંચકતા લોકોમાં ભય સાથે ચિંતાની લાગણી ફેલાઈ છે. ગત રાત્રીએ ઊંઝા શહેરમાં આવેલ એક શેરબજારની ઓફિસને ઊંઝા નજીકના ઉનાવા ગામે વડાચારમાં આવેલ સુપ્રસિદ્ધ ગોગા મહારાજના મંદિરને તેમજ કરલી પ્રાથમિક શાળાને તસ્કરોએ નિશાન બનાવી કુલ ૨.૮ લાખની કિંમતની મત્તાના મુદ્દામાલની ચોરી કરી હોવાના ચોંકાવનારો બનાવ બનેલ છે. એક જ રાતમાં ત્રણ અલગ અલગ સ્થળોએ તસ્કરો ત્રાટકતા લોકોની ઉંઘ હરામ થઈ ગઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ઊંઝા નજીકના ઉનાવા ગામે ભદ્રકાળી માતાજીના મંદિર પાસે ગોગા મહારાજનું જુનું મંદિર આવેલ છે. આ મંદિરમાં મધરાત બાદ કોઈ તસ્કરોએ મંદિરના ગર્ભગૃહનો નકુચો તોડી અંદરથી ચાંદીના નાગની મૂર્તિ, ચાંદીની ભાથીજીની મૂર્તિ તેમજ નાના મોટા છત્તરો મળી કુલ ૧,૯૦,૦૦૦ની કિંમતની મત્તાની ચોરી કરી ક્યાંક પલાયન થઈ ગયા હતા. આ મંદિરમાં અગાઉ પણ બે થી ત્રણ વાર ચોરીઓ થઈ હતી. ચોરીનો બીજોબનાવ ઊંઝા શહેરની છ.તુ. ગોપા સ્કૂલની સામે આવેલ એ.પી.એમ.સી.ની દુકાન નં. ૨૦૯ના દરવાજાનો નકુચો તોડી તસ્કરોએ અંદર પ્રવેશ કરી પાંચ મણ વજનની લોખંડની તિજોરીમાં ૧૭,૦૦૦ની રોકડ રકમ, વિવિધ બેંકોની ચેકબુકો તેમજ ઓફિસને લગતા મહત્વના દસ્તાવેજો કાગળો હતા તે આખી તિજોરીની તસ્કરો ઉઠાંતરી કરી ગયા હતા. જ્યારે ઊંઝા તાલુકાના કરેલી ગામે આવેલ પગાર કેન્દ્ર પ્રાથમિક શાળાના કાર્યાલયનું તાળુ તોડી તસ્કરો અંદર પ્રવેશ્યા હતા. બાદ અંદર પડેલ બે તિજોરીઓના તાળા તોડી પડેલ સાહિત્યને રફેદફે કરી દીધી હતુ. ત્યાર બાદ બાજુમાં આવેલ સ્ટાફ રૂમની ઓફિસમાં પડેલ બે તિજોરીઓના પણ તાળા તોડ્યા હતા, પરંતુ અંદરથી કંઈ હાથ ન લાગતા તસ્કરોને અહીં ફોગટનો ફેરો પડ્યો હતો.

પાલનપુર હાઈવે પરની અનેક સોસાયટીમાં વરસાદી પાણી ભરાતા રોગચાળાની દહેશત

અનેક સોસાયટીઓ ૪-૫ ઈંચ વરસાદ પડતા જ તળાવમાં ફેરવાઈ જાય છે

પાલનપુર, તા. ૩૦

પાલનપુરમાં મોસમનો બીજા રાઉન્ડનો વરસાદ ૫ થી ૭ ઈંચ નોંધાયો હતો. આથી હાઈવે પર નીચાણવાળા વિસ્તરોમાં આવેલી અનેક સોસાયટીઓ તળાવમાં ફેરવાઈ ગઈ છે અને લોકોને ભરાયેલા પાણીમાંથી જ અવર-જવર કરવાનો વારો આવ્યો છે.

પાલનપુર શહેરની સ્ટેટ બેંક, સાકાર, એકતા, આસોપાલવ, સૂરજ પાર્ક, વિગેરે સોસાયટીઓમાં નગરપાલિકા તંત્ર દ્વારા સને-૨૦૦૫-૦૬ના વર્ષમાં રૂ. ૨ કરોડના ખર્ચેવરસાદી પાણીના નિકાલ માટે વિકાસ કામો કરવામાં આવ્યા હતા. પરંતુ તેમ છતાં હાલ આ વિસ્તારની સોસાયટીઓમાં માત્ર ૪ થી ૬ ઈંચ વરસાદ પડતાની સાથે જ સોસાયટીઓ પાણી ભરાઈ જાય છે અને સમગ્ર સોસાયટીઓ જાણે તળાવમાં ફેરવાઈ જાય છે. વરસાદી પાણી લાંબો સમય સુધી ભરાઈ રહેતા લોકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. તો બીજી તરફ ભરાયેલા ગંદા વરસાદી પાણીથી પાણીજન્ય રોગો ફેલાવાનો ભય જોવા મળી રહ્યો છે ત્યારે આ ગંભીર મામલે સોસાયટીઓના રહીશોમાં ભારે આક્રોશ જોવા મળ્યો છે અને તંત્ર દ્વારા ઘટતી કાર્યવાહી કરે તેવી માંગણી કરી રહ્યા છે.

ભિલોડા અને કુંડોલપાલ-સુંદરપુરાની

પરણીતાને શારીરીક, માનસીક ત્રાસ ગુજારી માર મારતા ચકચાર

ભિલોડા, તા. ૩૦

સાબરકાંઠા જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં પરણીત મહિલાઓ ઉપર શારારીક, માનસીક ત્રાસ સાસરીયાઓ ધ્વારા ગુજારાતો હોય છે.જેના અનેક બનાવો અવાર-નવાર પ્રકાશમાં આવી રહ્યા છે ત્યારે ભિલોડા અને કુંડોલપાલ-સુંદરપુરાની પરણીતાને શારીરીક,માનસીક ત્રાસ ગુજારતા પતીદેવો વિરૂધ્ધ ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા ચકચાર મચી જવા પામી છે. ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ. મગનલાલ નિનામાના જણાવ્યા મુજબ ભિલોડાનગરના માંકરોડા વિસ્તારના રહેવાસી સવદાનભાઈ વેલાજી અસારી ધ્વારા તેમના પત્ની ઈન્દુબેન અસારી હાલ. રહેવાસી ચિત્રોડી તેમના પતી કહે છે કે તુ તો ખરાબ છે.તારી ચાલચલગત સારી નથી. તુ અમારા ઘરમાં શોભતી નથી.તેમ કહી છેલ્લા ચાર વર્ષથી મ્હેણાં-ટોણા મારી શારીરીક, માનસીક ત્રાસ ગુજારતા હતા.

બીજો બનાવ કુંડોલપાલ-સુંદરપુરા ગામની પરણીતા હંસાબેન ડામોરને પતી અશ્વિનભાઈ ધુળાજી ડામોર તેમની પત્નીને સતત શારીરીક, માનસીક ત્રાસ ગુજારતા હતા. તેમના પતી કહેતા હતા કે તુ તારા બાપુજીના ઘરેથી શુ લાવી છે ? તેમ કહી બિભત્સ મન ફાવે તેમ ગાળો બોલી ઉશ્કેરાટમાં આવી ઝગડો કરતા હતા. પરણીતાને ગળદાપાટુનો માર મારી પહેરેલ કપડે કાઢી મુકી હતી.

ગળદાપાટુનો માર મારેલ હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપતા ચકચાર મચી જવા પામી છે. ભિલોડા પોલીસ સ્ટેશનમાં એક સાથે બે મહિલાઓ ઉપર અત્યાચાર ગુજારતા પતીદેવો વિરૂધ્ધ ફરીયાદ નોંધાતા ચકચાર મચી જવા પામી છે. ભિલોડા પોલીસે ગુનો દર્જ કરી ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે.

ઉત્તર ગુજરાતના બજાર ભાવો

તલોદ

મગફળી	૪૦૦	૮૩૫
એરંડા	૬૩૫	૬૫૮
ઘઉં	૩૦૫	૩૫૦
બાજરી	૨૧૦	૨૯૭
ગવાર	૬૯૦	૯૨૮

સલાલ

મગફળી	૭૨૫	૮૩૦
ઘઉં	૩૦૦	૩૩૦
બાજરી	૨૧૦	૨૬૦
ડાંગર જ્યા	૨૯૦	૩૨૦
ડાંગર ગુજ	૩૨૦	૩૫૦

પ્રાંતિજ

એરંડા	૬૨૫	૬૪૦
ઘઉં	૩૦૦	૩૪૦
બાજરી	૨૨૦	૨૬૦
ડાંગર ગુજ	૩૨૦	૩૫૦
ડાંગર જ્યા	૨૯૦	૩૨૧

ધનસુરા

એરંડા	૬૪૦	૬૫૫
મકાઈ	૨૮૦	૩૦૫
ઘઉં	૩૧૦	૩૪૦
બાજરી	૨૩૦	૨૭૦
ગવાર	૮૦૦	૯૦૦

ખેડબ્રહ્મા

ઘઉં લોકવન	૩૦૯	૩૨૦
ઘઉં ૪૯૬	૩૧૦	૩૪૦
મકાઈ	૨૭૫	૨૮૦
એરંડા	૬૨૫	૬૩૦

મોડાસા

રાયડો	૫૫૦	૫૮૨
એરંડા	૬૪૫	૬૬૩
બાજરી	૨૪૦	૨૫૯
ઘઉં	૩૦૫	૩૨૮
ગવાર	૮૯૦	૯૨૧

ટીંટોઈ

ઘઉં	૩૦૦	૩૧૨
મગફળી	૭૦૦	૭૬૨

દહેગામ

બાજરી	૨૬૦	૨૭૬
ઘઉં	૩૦૫	૩૨૪
ડાંગર	૨૭૦	૨૯૦
એરંડા	૬૪૦	૬૫૧
ગવાર	૮૭૫	૮૯૮
મકાઈ	૨૫૦	૩૦૦
તુવેર	૫૨૫	૬૦૫
જુવાર	૩૨૦	૩૮૦
રાયડો	૫૩૦	૫૮૦

રખિયાલ

બાજરી	૨૫૫	૨૭૦
ઘઉં	૩૦૦	૩૨૦
ડાંગર	૨૬૫	૨૮૦
એરંડા	૬૩૫	૬૪૫
ગવાર	૮૭૦	૮૯૫
મકાઈ	૨૨૫	૨૮૦
તુવેર	૫૨૦	૬૦૦
જુવાર	૩૧૦	૩૭૦
રાયડો	૫૨૫	૫૭૦

હિંમતનગર

મગફળી	૬૦૦	૭૯૬
એરંડા	૬૪૦	૬૫૦
ઘઉં	૩૧૦	૩૬૪
બાજરી	૨૦૬	૨૭૮
મકાઈ	૨૭૦	૨૮૯
ગવાર	૭૦૦	૯૦૧

ઈડર

મકાઈ	૨૮૮	૩૦૦
ઘઉં	૩૦૮	૩૪૭
એરંડા	૬૪૨	૬૫૦
બાજરી	૨૬૦	૨૭૬
મગફળી	૫૦૬	૮૩૧
તલ	૧૪૫૫	૧૭૬૦
ગવાર	૯૦૦	૧૦૦૦
જુવાર	૩૫૦	૩૮૦
મગ	૬૯૦	૭૦૦

કડી

ઘઉં	૩૦૦	૩૨૩
બાજરી	૨૩૨	૨૫૭
ગવાર	૯૫૧	-
એરંડા	૬૪૦	૬૪૫
જીરૂ	૧૯૮૦	૨૪૪૧

પાલનપુર

ઘઉં	૨૯૦	૩૬૦
બાજરી	૨૨૮	૨૮૦
એરંડા	૬૩૦	૬૫૧
રાજગરો	૧૦૦૦	૧૧૨૭
મગફળી	૫૫૧	૮૧૦
ગવાર	૭૮૦	૯૧૧
મકાઈ	૨૮૫	૨૮૮

સિદ્ધપુર

રાયડો	૫૬૧	૫૮૯
એરંડા	૬૩૮	૬૫૨
ગવાર	૭૨૧	૯૪૦
ઘઉં	૨૭૦	૩૭૦
બાજરી	૧૭૮	૨૬૪
જુવાર	૪૮૦	૫૦૦

વિસનગર

ઘઉં	૨૯૫	૩૫૧
બાજરી	૧૯૦	૩૦૫
રાયડો	૫૭૦	૬૦૬
એરંડા	૬૩૦	૬૬૨.૫૦
જુવાર	૧૯૦	૫૧૧
ગવાર	૫૦૦	૯૮૦
રજકાના બી	૧૩૦૦	૨૬૦૦

મહેસાણા

ઘઉં	૨૯૪	૩૪૫
બાજરી	૨૨૪	૨૮૯
એરંડા	૬૨૦	૬૩૫
ગવાર	૬૮૩	૯૦૦
રજકાબી	૧૩૫૦	૨૬૨૧

આંબલીયાસણ

ઘઉં	૨૯૫	૩૫૧
બાજરી	૨૧૫	૨૭૫
રાયડો	૫૫૫	-
એરંડા	૬૧૮	૬૨૧

જોટાણા

ઘઉં	૨૭૬	૩૩૧
એરંડા	૬૩૦	૬૩૫
બાજરી	૨૦૧	૨૬૫
ગવાર	૮૯૫	૯૧૧

ઢારીજ

રાયડો	૫૫૦	૫૭૫
એરંડા	૬૨૦	૬૪૫
સાસટો	૨૭૦	૩૧૧
બાજરી	૨૧૦	૨૪૦
ઘઉં	૨૯૦	૩૪૦
ગવાર	૬૫૦	૮૫૦
ચણા	૪૩૦	૫૧૪
જીરૂ	૨૦૫૦	૨૪૪૧
સવા	૬૦૦	૬૫૦

કલોલ

ઘઉં	૩૦૦	૩૫૫
એરંડા	૬૩૦	૬૪૦
બાજરી	૨૩૦	૨૭૫
રાયડો	૫૬૦	-
ડાંગર	૨૪૫	૩૪૫
ગવાર	૯૦૦	૯૪૦
જુવાર	૩૦૫	-

બાયડ

એરંડા	૬૩૦	૬૪૦
ઘઉં	૩૦૦	૩૩૦
બાજરી	૨૨૦	૨૭૦
મકાઈ	૨૮૦	૨૯૫
ગવાર	૧૦૦૦	૧૨૫૦

પાટણ

જીરૂ	૧૯૫૦	૨૩૭૫
વરીયાળી	૮૫૦	૧૧૫૧
રાયડો	૫૪૦	૬૧૫
એરંડા	૬૧૫	૬૩૭
ઘઉં	૨૯૭	૩૬૦
બાજરી	૨૭૩	૨૭૬
જુવાર	૨૫૦	૪૫૦
ગવાર	૭૫૦	૯૪૭

ઉંઝા

જીરૂ	૨૦૩૫	૨૬૩૦
વરીયાળી	૮૦૦	૧૮૦૧
ઈસબગુલ	૧૨૭૦	૧૩૦૦
રાયડો	૫૮૬	૬૮૧
મેથી	૫૧૧	-
તલ	૧૬૮૧	૨૦૨૧

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સરદાર પટેલ માર્કેટ-અમદાવાદ

શાકભાજી	ઓછો ભાવ	વધુ ભાવ
બટાટા પંજાબી	-	-
બટાટા દેશી	૧૩૦	૨૧૦
બટાટા ડીસા	૧૭૦	૨૫૦
ડુંગળી સૌરાષ્ટ્ર	-	-
ડુંગળી મહારાષ્ટ્ર	૪૫૦	૫૨૦
રીંગણ	૨૦૦	૬૦૦
રવૈયા	૩૦૦	૮૦૦
કોબીજ	૧૦૦	૩૬૦
ફુલાવર	૧૦૦	૪૦૦
ટામેટા પાકા	૨૪૦	૫૦૦
દૂધી	૧૦૦	૩૦૦
કાકડી	૬૦	૩૦૦
ગીલોડા	૫૦૦	૧૦૦૦
મરચાં દેશી	૨૦૦	૪૦૦
લીંબુ	૧૦૦	૩૦૦
આદુ	૧૨૦૦	૧૬૦૦
બીટ	૧૬૦	૪૦૦
ગાજર	૨૦૦	૩૦૦
મરચા ધોલાર	૪૦૦	૧૦૦૦

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601